==========

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

અમરેન્દ્ર પ્રતાપ સિંહ

વિરુદ્ધ

તેજ બહાદુર પ્રજાપતિ અને અન્ય

૨૧ નવેમ્બર, ૨૦૦૩

[આર.સી. લાહોટી અને અશોક ભાન, ન્યાયમૂર્તિઓ]

મુદત અધિનિયમ, ૧૯૬૩ – કલમ ૬૫; અનુચ્છેદ ૬૫ – ઓરિસ્સા મર્જર સ્ટેટ્સ (લોઝ) એક્ટ, ૧૯૫૦ – કલમ ૭ – ધ ઓરિસ્સા શેડ્યુલ્ડ એરિયાઝ ટ્રાન્સફર ઓફ ઇમ્મુવેબલ પ્રોપર્ટી (બાય શેડ્યુલ્ડ ટ્રાઇબ્સ) રેગ્યુલેશન્સ, ૧૯૫૬ – ફકરા ૨(એફ), ૩, ૩–એ, ૭–ડી – આદિવાસી વિસ્તારમાં આદિવાસીની સ્થાવર મિલકતનું હસ્તાંતરણ – પ્રતિકૂળ કબજા દ્વારા દાવાવાળી જમીનમાં બિન–આદિવાસી દ્વારા માલિકી હક્કનો દાવો – તેની કાયદેસરતા – માન્ય નથી તેમ ઠેરવવામાં આવ્યું – ૧૯૫૦ ના અધિનિયમ અને

૧૯૫૬ ના વિનિયમોનો હેતુ એ જોવાનો અને સુનિશ્ચિત કરવાનો છે કે બિન–આદિવાસીઓ આદિવાસીઓની જમીનો પચાવી ન પાડે – આમ, આદિવાસી પાસેથી બિન–આદિવાસી દ્વારા પ્રતિકૂળ કબજો પ્રતિબંધિત છે – આદિવાસીઓની જમીનો રાજ્યમાં નિહિત થાય છે અને તેથી જ્યાં સુધી આ જમીનો આદિવાસીઓના કબજામાં હતી ત્યાં સુધી મુદત અધિનિયમ લાગુ પડતો નથી – નિર્દેશો સાથે ટ્રાયલ કોર્ટને પુનઃપ્રેષિત કરવામાં આવ્યો – ભારતનું બંધારણ – અનુચ્છેદ ૨૭૭, પાંચમી અનુસૂચિ.

કાયદાઓનું અર્થઘટન :

ધારાકીય આશય – તે નિશ્ચિત કરવા બાબત – શબ્દકોશનો અર્થ – તેનો ઉપયોગ – ઠેરવવામાં આવ્યું કે, ધારાકીય આશયને અસરકારક રીતે સાકાર કરવા માટે શબ્દના અર્થે કાયદાના સંદર્ભ પરથી રંગ ગ્રહણ કરવો જોઈએ.

પૂર્વચુકાદો – ઠેરવવામાં આવ્યું કે, ન્યાયાધીશો પર કોઈ ધારવામાં આવેલા આશયનું આરોપણ કરીને અથવા ગર્ભિત અર્થ કાઢીને તેમજ સ્પષ્ટપણે નિર્ધારિત ન કરવામાં આવ્યા હોય તેવા કાનૂની સિદ્ધાંતનું અનુમાન લગાવીને કોઈ ન્યાયિક નિર્ણયને વાંચી શકાય નહીં.

૧૯૬૨ પૂર્વે, સી અને પી, જેઓ અનુસૂચિત જનજાતિના સભ્યો છે, આદિવાસી વિસ્તારમાં આવેલી ખેતીની જમીનનો એક ટુકડો ધરાવતા હતા. ૧૯૬૨ માં, તેઓએ સદરહુ જમીન પૈકી ૦.૭૫ ડેસિબલમાં રહેલો પોતાનો હક્ક અને હિત એક એમ.એસ.એમ. ની તરફેણમાં હસ્તાંતરિત કર્યો, જેઓ પોતે પણ

અનુસૂચિત જનજાતિના છે. ૭.૪.૧૯૬૪ ના રોજ, એમ.એસ.એમ. એ સક્ષમ સત્તાધિકારી પાસેથી પરવાનગી મેળવ્યા બાદ, એક બિન-આદિવાસી એવા આર.એમ. ને તે જમીનમાંથી ૦.૪૦ ડેસિબલ જમીન વેચી દીધી હતી. ૧૯૬૫ માં, અપીલકર્તા-વાદીએ આર.એમ. પાસેથી તે પૈકી ૦.૧૯૫ ડેસિબલ જમીન ખરીદી હતી. ૧૯૬૮ માં, જ્યારે અપીલકર્તાએ દાવાવાળી જમીન પર બાંધકામ કરવાનો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે અડીને આવેલી જમીનના માલિક દ્વારા તેમને તેમ કરતાં અટકાવવામાં આવ્યા હતા.

૧૯૬૫ ના વર્ષમાં નિષ્પાદિત કરવામાં આવેલા વેચાણ દસ્તાવેજ સાથે બિડેલા નકશામાં દાવાવાળી મિલકતના વર્ણનમાં એક ભૂલ ધ્યાને આવતાં, આર.એમ. દ્વારા અપીલકર્તાની તરફેણમાં સુધારા દસ્તાવેજ નિષ્પાદિત કરી આપવામાં આવ્યો હતો. હદ સીમાકનની કાર્યવાહી દરમિયાન એવું માલૂમ પડ્યું હતું કે, બિન-આદિવાસી એવા સામાવાળા નંબર ૧ દ્વારા અપીલકર્તાની માલિકીની દાવાવાળી જમીનના અમુક ભાગ પર દબાણ કરવામાં આવ્યું હતું. તેથી અપીલકર્તાએ સામાવાળા-પ્રતિવાદીઓ વિરુદ્ધ માલિકી હક્કની ઘોષણા, કબજો પુનઃપ્રાપ્ત કરવા તેમજ પ્રતિબંધક મનાઈહુકમ જારી કરવા માટેનો દીવાની દાવો દાખલ કર્યો હતો. સામાવાળાઓએ દાવાવાળી જમીન પર પ્રતિકૂળ કબજાના આધારે કબજાનો દાવો કર્યો હતો કેમ કે તેઓ ૧૨ વર્ષ કરતાં વધુ સમયગાળાથી તેના શાંતિપૂર્ણ અને સતત કબજામાં હતા. ટ્રાયલ કોર્ટે અપીલકર્તાની તરફેણમાં દાવો મંજૂર કર્યો હતો. તેની સામે થયેલી અપીલમાં, હાઇકોર્ટે પ્રતિકૂળ કબજાના કાનૂની આધાર પર સામાવાળાઓની તરફેણમાં

નિર્ણય આપ્યો હતો.

અપીલ મંજૂર કરતાં અને અમુક નિર્દેશો સાથે મામલો ટ્રાયલ કોર્ટને પુનઃપ્રેષિત કરતાં, કોર્ટે

ઠેરવવામાં આવ્યું : ૧.૧. આદિવાસી વિસ્તારોની પોતાની આગવી સમસ્યાઓ હોય છે. આદિવાસીઓ ઐતિહાસિક રીતે સમાજનો નબળો વર્ગ છે. તેઓ અત્યંત ભોળા હોવાથી અને અપ્રમાણિક લોકોની બદદાનતવાળી યુક્તિઓનો ભોગ બનતા હોવાથી તેમજ સદીઓથી વિસ્તરેલી તેમની નિર્દોષતા, ગરીબી અને પછાતપણાને કારણે શોષણનો ભોગ બનવાની સંભાવના ધરાવતા હોવાથી, તેમને કાયદાના રક્ષણની જરૂર છે. ભારતનું બંધારણ અને તે હેઠળ ઘડાયેલા કાયદાઓ જ્યાં પણ જરૂર જણાય ત્યાં આદિવાસીઓ અને આદિવાસી વિસ્તારો સાથે અલગ રીતે વર્તે છે. આદિવાસીઓ સ્થાયી થાય, કાયદાના રક્ષણાત્મક હાથ દ્વારા તેમની યોગ્ય સંભાળ લેવાય અને અનૈતિક પ્રપંચોનો ભોગ બનવાથી તેઓ બચી શકે તે જરૂરી છે જેથી તેઓ સમૃદ્ધ થઈ શકે અને ક્રમિક વિકાસની પ્રક્રિયા દ્વારા સમાજના મુખ્ય પ્રવાહમાં જોડાઈ શકે. આ પ્રક્રિયા ધીમી હશે, તેમ છતાં તેની શરૂઆત કરવી પડશે અને તેને સતત આગળ ધપાવવી પડશે. ઓરિસ્સા મર્જર્ડ સ્ટેટ્સ (લોઝ) એક્ટ, ૧૯૫૦ અને ધ ઓરિસ્સા શેડ્યુલ્ડ એરિયાઝ ટ્રાન્સફર ઓફ ઇમ્મુવેબલ પ્રોપર્ટી (બાય શેડ્યુલ્ડ ટ્રાઇબ્સ) રેગ્યુલેશન્સ, ૧૯૫૬ દ્વારા પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ એ જોવાનો છે કે મૂળ આદિવાસી જનજાતિનો કોઈપણ સભ્ય પોતે પ્રાપ્ત કરેલી મિલકતની માલિકી

અબાધિતપણે સતત ધરાવતો રહે અને કાયદા દ્વારા માન્ય એવી દરેક પ્રક્રિયા કે જેના દ્વારા સ્થાવર મિલકતમાંનો માલિકી હક્ક એક વ્યક્તિમાં સમાપ્ત થઈને અન્ય વ્યક્તિમાં નિહિત થાય છે, તે પ્રક્રિયા આદિવાસીઓના સંદર્ભમાં તેના અમલમાં એટલી હદે મર્યાદિત રહેવી જોઈએ કે જેથી એક આદિવાસીની સ્થાવર મિલકત બીજા આદિવાસીમાં ભલે નિહિત થઈ શકે, પરંતુ કોઈપણ આદિવાસીમાં નિહિત સ્થાવર મિલકતનો માલિકી હક્ક કોઈપણ સંજોગોમાં બિન–આદિવાસીમાં નિહિત થવો જોઈએ નહીં. આ બાબત એ જોવા અને સુનિશ્ચિત કરવા માટે છે કે બિન–આદિવાસીઓ મિલકત સંપાદિત કરીને અને આદિવાસીઓના રહેઠાણ વિસ્તારમાં મૂળિયાં જમાવીને આદિવાસીઓ વચ્ચે ઘૂસણખોરી કરવામાં સફળ ન થાય. [૫૭–ડી–જી]

૧.૨. ૧૯૫૬ ના વિનિયમોના પેરા ૨ ના ખંડ (એફ) દ્વારા 'સ્થાવર મિલકતનું હસ્તાંતરણ' એવા કાનૂની શબ્દપ્રયોગને એક વિસ્તૃત અને વ્યાપક અર્થ આપવાનું પસંદ કરવામાં આવ્યું છે, જેથી તેના અર્થવિસ્તારમાં માત્ર વસિયતી નિકાલની એવી સુવિખ્યાત પદ્ધતિઓ જ નહીં કે જેના પરિણામે સ્થાવર મિલકતમાંના હિતનું હસ્તાંતરણ થતું હોવાનું સ્થાપિત થયેલું છે, પરંતુ આવી સ્થાવર મિલકત સાથે કરવામાં આવેલો કોઈપણ એવો 'વ્યવહાર' પણ સામેલ થાય છે કે જે સ્થાવર મિલકતમાં રહેલા હિતના હસ્તાંતરણનું કારણ બનતો હોય અથવા તેવા હસ્તાંતરણમાં પરિણમતો હોય, તે તમામ બાબતો તેમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. આ વિશિષ્ટ શબ્દપ્રયોગને અત્યંત વ્યાપક અને વિસ્તૃત અર્થ આપવો આવશ્યક છે. સ્થાવર મિલકત સંબંધિત કોઈપણ એવો સોદો,

લેવડદેવડ અથવા વ્યવહાર કે જે કોઈ આદિવાસીના આવી સ્થાવર મિલકત પરના કાયદેસરના માલિકી હક્ક, વાસ્તવિક કબજા અથવા કબજો ધરાવવાના અધિકારને પૂર્ણપણે સમાપ્ત કરવાની અને તે જ અધિકાર કોઈ બિન–આદિવાસી વ્યક્તિમાં નિહિત કરવાની ચોક્કસ અસર ધરાવતો હોય, તે તમામ બાબતો 'સ્થાવર મિલકતનું હસ્તાંતરણ' ના કાનૂની અર્થમાં અનિવાર્યપણે સમાવિષ્ટ થશે. [૫૬–ડી–ઈ; ૬૦–એ–બી]

સંજય દિનકર આસરકર વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય, (૧૯૮૬) ૧ એસ.સી.સી. ૮૩; પાંડે ઓરાઓં વિરુદ્ધ રામ ચંદર સાહુ અને અન્ય, (૧૯૯૨) સપ્લી. ૨ એસ.સી.સી. ૭૭; માંચેગૌડા વિરુદ્ધ કર્ણાટક રાજ્ય, (૧૯૮૪) ૩ એસ.સી.આર. ૫૦૨; લિંગપ્પા પોચન્ના અપ્પેલવાર વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય, [૧૯૮૪] ૨ એસ.સી.આર. ૨૨૪; ગામિની ક્રિષ્નય્યા વિરુદ્ધ ગુરાઝા શેષાચલમ, (૧૯૬૫) ૧ એસ.સી.આર. ૧૯૫ અને મધ્ય પ્રદેશ રાજ્ય વિરુદ્ધ બાબુ લાલ અને અન્ય, (૧૯૭૭) ૨ એસ.સી.સી. ૪૩૫, સંદર્ભ લેવામાં આવ્યો.

જગદીશ વિરુદ્ધ મધ્ય પ્રદેશ રાજ્ય, એ.આઈ.એર. (૧૯૯૩) એમ.પી. ૧૩૨; વાજેરામ વિરુદ્ધ કાનીરામ, (૧૯૯૨) રેવન્યુ નિર્ણય ૨૭૦ અને દિનેશ કુમાર અને અન્ય વિરુદ્ધ મધ્ય પ્રદેશ રાજ્ય, (૧૯૯૫) રેવન્યુ નિર્ણય ૩૫૮, સંદર્ભ લેવામાં આવ્યો.

ડી (સગીર) વિરુદ્ધ બર્કશાયર કાઉન્ટી કાઉન્સિલ, (૧૯૮૭) ૧ ઓલ

ઈ.આર. ૨૦ (એચ.એલ.), સંદર્ભ લેવામાં આવ્યો.

૨.૧ સંબંધિત મિલકતનું વાસ્તવિક સ્વરૂપ; કાયદેસરના હક્કદાર માલિકમાં નિહિત થયેલા માલિકી હક્કનું કાનૂની સ્વરૂપ, તેમજ પ્રતિકૂળ કબજેદાર જે પ્રકારનો કબજો વાસ્તવમાં ભોગવી રહ્યો છે તે તમામ એવા પ્રસ્તુત અને સુસંગત પરિબળો છે કે જે પ્રતિકૂળ કબજાના સિદ્ધાંતની પ્રયોજ્યતા આકર્ષવા માટે અદાલતી વિચારણામાં લેવાય છે. મિલકતમાં રહેલો અધિકાર એવો હોવો આવશ્યક છે કે જે કાયદેસર રીતે હસ્તાંતરણક્ષમ હોય અને હરીફ દાવેદાર પક્ષકાર દ્વારા કાયદેસર રીતે પ્રાપ્ત કરી શકાય તેવો હોય. પ્રતિકૂળ કબજો હંમેશાં હસ્તાંતરણક્ષમ અધિકાર પર જ કાર્ય કરે છે. કાયદાના અમલ દ્વારા તે અધિકાર હસ્તાંતરિત થયેલો ગણાય છે, કારણ કે તે અધિકાર સ્વેચ્છાએ હસ્તાંતરિત થઈ શકે તેવો હતો અને હરીફ પક્ષકારના ગેરકાયદેસર અને ખોટા કૃત્યો વિશે વાસ્તવિક રીતે અથવા રચનાત્મક/અન્વયિત રીતે સંપૂર્ણપણે જાણતો હોવા છતાં નિષ્ક્રિય બેસી રહેનાર કાયદેસરના હક્કદાર દાવાકર્તાની ગંભીર ચૂક, કસૂર અને નિષ્ક્રિયતાના પરિણામે, તે અનૈચ્છિક રીતે હસ્તાંતરિત થયો હોવાનું પ્રતિકૂળ કબજાના સિદ્ધાંત દ્વારા કાયદાની દ્રષ્ટિએ માન્ય રાખવા માંગવામાં આવે છે. મિલકત પરના પોતાના કાનૂની અધિકારોની યોગ્ય કાળજી અને સંભાળ લેવામાં દાખવવામાં આવેલી આવી નિષ્ક્રિયતા અથવા ચૂકને પણ પોતાની મિલકત સાથે 'વ્યવહાર' કરવાની એક એવી ચોક્કસ પદ્ધતિ કે રીત કહી શકાય છે કે જેના પરિણામે મિલકતમાંનો પોતાનો માલિકી હક્ક કાયમ માટે સમાપ્ત થાય છે અને મિલકતનો કબજો ધરાવનાર અપકૃત્ય કરનાર/કસૂરવાર

વ્યક્તિમાં તે માલિકી હક્ક નિહિત થાય છે અને આ રીતે સમાજના નબળા વર્ગનું રક્ષણ કરવાના કલ્યાણકારી ઉદ્દેશથી ઘડવામાં આવેલા સમાજ કલ્યાણના કાયદાના સંદર્ભમાં આપી શકાય તેવા અત્યંત વ્યાપક અને વિસ્તૃત અર્થમાં તે સ્થાવર મિલકતનું હસ્તાંતરણ બને છે. [૬૧–બી–ઈ]

૨.૨. પ્રસ્તુત કેસમાં, સાર્વભૌમ અધિકારક્ષેત્રના સિદ્ધાંત અનુસાર જમીનની આખરી અને અંતિમ માલિકી રાજ્યમાં નિહિત છે. આદિવાસીઓને માત્ર જમીન ધારણ કરવાનો કાયદેસરનો અધિકાર પ્રદાન કરવામાં આવેલ છે, જે અધિકાર બિન–આદિવાસીઓની તરફેણમાં સંપૂર્ણપણે અહસ્તાંતરણીય છે. એ બાબત તદ્દન સ્પષ્ટ છે કે જ્યાં સુધી સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજૂરી દ્વારા સ્પષ્ટ પરવાનગી આપવામાં ન આવે ત્યાં સુધી, કોઈપણ આદિવાસી વ્યક્તિમાં નિહિત સ્થાવર મિલકતનો અધિકાર કોઈ બિન–આદિવાસીની તરફેણમાં હસ્તાંતરિત કરવાની અથવા કોઈ બિન–આદિવાસી વ્યક્તિ દ્વારા પ્રાપ્ત કે સંપાદિત કરવાની કાયદો કોઈ પરવાનગી આપતો નથી. 'સ્થાવર મિલકતનું હસ્તાંતરણ' ની કાનૂની વ્યાખ્યા શક્ય તેટલા અત્યંત વ્યાપક શબ્દોમાં ઘડવામાં આવી છે. આ વૈધાનિક વ્યાખ્યામાં સ્થાવર મિલકતમાં અધિકાર, માલિકી હક્ક અને હિત હસ્તાંતરિત કરવાની તમામ સુવિખ્યાત પદ્ધતિઓ અને રીતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આ વ્યાખ્યાને સંપૂર્ણપણે સર્વગ્રાહી અને પરિપૂર્ણ બનાવવા માટે, તેમાં વિશિષ્ટ અને સ્પષ્ટ રીતે – 'આવી મિલકત સાથેનો અન્ય કોઈપણ વ્યવહાર' એવો શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે, જે ધારણકર્તાના અધિકાર, માલિકી હક્ક અથવા હિત પર વિપરીત અસર કરતી, તેને એક પક્ષકારમાં સમાપ્ત કરતી અને

અન્ય વ્યક્તિમાં નિહિત કરતી અથવા ઉપાર્જિત કરતી અન્ય કોઈપણ પદ્ધતિને પોતાના સર્વાંગી વ્યાપમાં આવરી લેશે. અહીં 'વ્યવહાર' શબ્દનો પ્રયોગ એવા સ્પષ્ટ વૈધાનિક આશયનો સૂચક છે કે માત્ર તેવું સીધું હસ્તાંતરણ જ નહીં પરંતુ આવી મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર (જોકે આવો વ્યવહાર કાયદાની દ્રષ્ટિએ વિધિવત હસ્તાંતરણ સમાન ન પણ ગણાતો હોય) આ કાનૂની શબ્દપ્રયોગના અર્થમાં સમાવિષ્ટ કરવા માંગવામાં આવ્યો છે. આવો 'વ્યવહાર' આદિવાસી પક્ષકાર તરફથી કરવામાં આવેલું સ્વેચ્છિક કૃત્ય હોઈ શકે છે અથવા આદિવાસીના અજ્ઞાન, ગરીબી કે સદીઓ જૂના પછાતપણાના પરિણામે તેની ચૂક, કસૂર કે નિષ્ક્રિયતાના કારણે થયેલો 'વ્યવહાર' પણ બની શકે છે, જે બાબત જ્યારે આદિવાસીની મિલકતનો વાસ્તવિક કબજો બિન–આદિવાસી દ્વારા લઈ લેવામાં આવે અથવા અન્યથા તેની ઉચાપત કરવામાં આવે કે બિન–આદિવાસી દ્વારા તે પચાવી પાડવાનો પ્રયાસ કરવામાં આવે ત્યારે અસ્તિત્વમાં હોવાનું કાયદા હેઠળ માની લેવામાં આવશે (પ્રિઝ્યુમ કરવામાં આવશે). બીજા શબ્દોમાં કહીએ તો, આદિવાસી પક્ષકાર તરફથી કરવામાં આવેલી એવી કોઈપણ ચૂક અથવા દાખવવામાં આવેલી નિષ્ક્રિયતા કે જે સ્થાવર મિલકત પરના તેના કાયદેસરના અધિકારોથી તેને વંચિત રાખવામાં અથવા તેના અધિકારોમાં ઘટાડો કે હાનિ થવામાં પરિણમે છે, તે તેના દ્વારા આવી મિલકત સાથે કરવામાં આવેલો 'વ્યવહાર' ગણાશે, અને તેથી તે સ્થાવર મિલકતનું હસ્તાંતરણ બનશે. આ સ્થિતિ એટલા માટે છે કારણ કે ધારાસભા દ્વારા આદિવાસી પોતાની સ્થાવર મિલકતનું રક્ષણ કરવા માટે પૂરતો સક્ષમ ન હોવાનું કાયદાકીય રીતે માનવામાં

આવે છે. ૧૯૫૬ ના વિનિયમોના પેરા ૩એ દ્વારા અનુસૂચિત જનજાતિના સભ્યની કોઈપણ સ્થાવર મિલકત પર ગેરકાયદે પ્રવેશ દ્વારા અથવા અન્ય કોઈપણ રીતે અનધિકૃત કબજો ધરાવનાર કોઈપણ વ્યક્તિને બેદખલ કરવા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે, જેના સંબંધમાં જરૂરી કાનૂની પગલાં સંબંધિત આદિવાસી દ્વારા અથવા તેમાં હિત ધરાવતી અન્ય કોઈપણ વ્યક્તિ દ્વારા અથવા સક્ષમ સત્તાધિકારી દ્વારા સુઓ મોટો પણ લઈ શકાય છે. તેથી આવા સંજોગોમાં રજૂઆત કરવાના અધિકારની વિભાવના તેનું પ્રસ્તુત મહત્વ ગુમાવી દે છે. કલ્યાણકારી રાજ્ય એ આદિવાસીઓની સમગ્ર સ્થાવર મિલકતનું કાનૂની રક્ષક અને ટ્રસ્ટી છે અને આદિવાસી આવી મિલકતના કબજામાં સતત જળવાઈ રહે તે જોવાની રાજ્ય સરકાર પર બંધારણીય અને વૈધાનિક ફરજ લાદવામાં આવી છે. પેરા ૩એ હેઠળ આવી કાર્યવાહી કરવા માટે મુદતનો કોઈ સમયગાળો ઠરાવવામાં આવ્યો નથી. પરિણામે મુદત અધિનિયમ, ૧૯૬૩ ના અનુચ્છેદ ૬૫ માં જણાવેલી ૧૨ વર્ષની મુદતની નિર્ધારિત કાનૂની જોગવાઈ આદિવાસી પૂરતી તદ્દન અપ્રસ્તુત અને બિનઅસરકારક બની જાય છે. આદિવાસીએ મુદતના સામાન્ય કાયદા દ્વારા શાસિત થતો પરંપરાગત દીવાની દાવો અદાલતમાં દાખલ કરવાની કોઈ અનિવાર્ય જરૂર નથી; જો તે પોતે અથવા તેના વતી અન્ય કોઈપણ વ્યક્તિ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરે અથવા રાજ્ય સરકાર પોતે તેનું કાયદેસર રક્ષણ કરવા માટે સક્રિય થઈને કાનૂની કાર્યવાહી હાથ ધરે અને તેની મિલકત તેને પુનઃપ્રાપ્ત કરી આપે તો તે કાયદા અનુસાર સંપૂર્ણપણે પૂરતું છે. આવી કોઈપણ કાનૂની કાર્યવાહીને મુદત અધિનિયમનો ન તો અનુચ્છેદ ૬૫ કે

ન તો કલમ ૨૭ લાગુ પડશે. આદિવાસીની માલિકીની સ્થાવર મિલકત પર પ્રતિકૂળ કબજાના સિદ્ધાંતનો આશરો લઈને કોઈ બિન–આદિવાસી વ્યક્તિની તરફેણમાં માલિકી હક્ક પ્રાપ્ત કરવો એ કાયદા દ્વારા સ્પષ્ટપણે પ્રતિબંધિત છે અને કોઈપણ અદાલત દ્વારા તેને ક્યારેય પણ માન્ય રાખી શકાય નહીં કે સમર્થન આપી શકાય નહીં. [૬૧–જી–એચ; ૬૨–એ–એચ; ૬૩–એ–બી]

૨.૩. ૬.૪.૧૯૬૪ સુધીનો સમગ્ર સમયગાળો, કે જે સમય દરમિયાન આ વિવાદિત જમીન આદિવાસીઓની કાયદેસરની માલિકી હેઠળ હતી, તે સમયગાળાને કાનૂની મુદતની ગણતરીમાંથી સંપૂર્ણપણે બાકાત રાખવો પડશે. તારીખ ૭.૪.૧૯૬૪ ના રોજ સબ–ડિવિઝનલ ઓફિસરની કાયદેસરની પૂર્વ પરવાનગી મેળવીને આદિવાસી દ્વારા બિન–આદિવાસીને જમીનનું કાયદેસર વેચાણ કરવામાં આવ્યું હોવાથી, તે તારીખથી અને તે તારીખ પછી દાવાવાળી મિલકત પર સામાવાળા નંબર ૧ નો કબજો વિરોધી/પ્રતિકૂળ ગણવામાં આવશે. વર્ષ ૧૯૭૦ માં મૂળ અપીલકર્તા દ્વારા અદાલતમાં દાખલ કરવામાં આવેલા આ દીવાની દાવામાં, મુદત અધિનિયમના અનુચ્છેદ ૬૫ ના સંદર્ભમાં કાનૂની મુદતના સમયગાળાની ગણતરી કરવી પડશે. તે સમય સુધીમાં માત્ર ૬ વર્ષનો સમયગાળો, એટલે કે વર્ષ ૧૯૬૪ થી વર્ષ ૧૯૭૦ વચ્ચેનો સમયગાળો જ વીત્યો હતો. તેથી અપીલકર્તાનો આ દાવો મુદતદોષથી બાધિત થયેલો ન હતો. [૬૩–બી–ડી]

૨.૪. કોઈ આદિવાસી ૧૯૫૬ ના વિનિયમોના પેરા ૭ડી સાથે વંચાણે

લેવાતા મુદત અધિનિયમ, ૧૯૬૩ ના અનુચ્છેદ ૬૫ અને કલમ ૨૭ ના સંદર્ભમાં અન્ય આદિવાસીની સ્થાવર મિલકત પર પ્રતિકૂળ કબજા દ્વારા માલિકી હક્ક પ્રાપ્ત કરી શકે છે, પરંતુ ભારતના બંધારણ દ્વારા તે સંબંધમાં પ્રદાન કરવામાં આવેલી સત્તાની રૂએ રાજ્ય વિધાનમંડળ અથવા રાજ્યપાલ દ્વારા જાહેર કરાયેલા વિશેષ કાયદા દ્વારા આ બાબત ખાસ પ્રતિબંધિત કરવામાં આવેલ હોવાથી, કોઈ બિન–આદિવાસી વ્યક્તિ આદિવાસીની માલિકીની મિલકત પર પ્રતિકૂળ કબજા દ્વારા દીર્ઘકાલીન અધિકારનો દાવો કરી શકતી નથી કે માલિકી હક્ક પ્રાપ્ત કરી શકતી નથી. સામાન્ય કાયદો જ્યાં સુધી વિશેષ કાયદા સાથે વિરોધાભાસમાં હોય તે હદ સુધી તે વિશેષ કાયદાની જોગવાઈઓને નિષ્ફળ બનાવી શકે નહીં, અન્યથા બંને જોગવાઈઓનું સુસંગત અર્થઘટન કરીને તેમનો સમન્વય કરવાનો પ્રયાસ કરવો પડશે. [૬૪–બી–સી]

માધવરાવ વામન સૌંદલગેકર અને અન્ય વિરુદ્ધ રઘુનાથ વેંકટેશ દેશપાંડે અને અન્ય, એ.આઇ.એર. (૧૯૨૩) પી.સી. ૨૦૫; કરીમુલ્લાખાન તે મોહમ્મદ ઈશાકખાનના પુત્ર અને અન્ય વિરુદ્ધ ભાનુપ્રતાપસિંહ, એ.આઇ.એર. ૩૬ (૧૯૪૯) નાગપુર, ૨૬૫; લક્ષ્મી ગૌડા અને અન્ય વિરુદ્ધ દંડાસી ગૌરા (મૃતક તેમના કાનૂની વારસદારો મારફતે) અને અન્ય, એ.આઇ.એર. (૧૯૯૨) ઓરિસ્સા ૫ અને મધિયા નાયક વિરુદ્ધ અર્જુન પ્રધાન અને અન્ય, ૬૫ (૧૯૮૮) કટક લૉ ટાઇમ્સ ૩૬૦, સંદર્ભ લેવામાં આવ્યો.

૩.૧. જે શબ્દો વૈધાનિક કાયદામાં કે કાનૂની અધિનિયમમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા ન હોય તેવા શબ્દોના યોગ્ય અર્થો શોધી કાઢવા માટે શબ્દકોશોને એક વિશ્વસનીય અને સુરક્ષિત માર્ગદર્શક તરીકે ધ્યાને લઈ શકાય છે. તેમ છતાં પણ, કાનૂની અર્થઘટન કરવા માટે શબ્દકોશો એ આખરી કે નિર્ણાયક શબ્દ નથી. કોઈપણ શબ્દો જે ચોક્કસ સંદર્ભ, પરિવેશ અને પૃષ્ઠભૂમિમાં ઉપયોગમાં લેવાયા હોય તેમાંથી જ પોતાનો વાસ્તવિક રંગ, મર્મ અને અર્થ ગ્રહણ કરે છે. જે કાયદાકીય યોજના અથવા વૈધાનિક માળખામાં તે શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેના સમગ્ર સ્વરૂપને ધ્યાને રાખીને, શબ્દકોશોમાં આપેલા સામાન્ય અર્થ કરતાં વધુ મર્યાદિત અથવા વધુ વ્યાપક અને વિસ્તૃત અર્થ કે ભાવ આપવો કાયદાની દ્રષ્ટિએ સંપૂર્ણપણે માન્ય અને સ્વીકાર્ય છે. અદાલતે શબ્દોના અર્થનું એવું યોગ્ય અર્થઘટન અને અન્વય કરવો જોઈએ કે જેનાથી ધારાસભાના વૈધાનિક આશય અને ઉદ્દેશને સંપૂર્ણપણે અસરકારક અને પરિપૂર્ણ બનાવી શકાય. જ્યારે સંબંધિત કાયદાનો મુખ્ય ઉદ્દેશ કોઈ કાનૂની અનિષ્ટ કે દૂષણને અટકાવવાનો અને સમાજના નબળા તથા વંચિત વર્ગોને કાયદાકીય રક્ષણ પ્રદાન કરવાનો હોય, ત્યારે જો શબ્દને વિસ્તૃત અર્થ આપવાથી, એટલું જ નહીં પરંતુ તેને ખેંચીને વધુ વ્યાપક બનાવેલો અર્થ આપવાથી પણ જો કાયદો પોતે પ્રાપ્ત કરવા માંગેલા વાસ્તવિક ઉદ્દેશને સિદ્ધ કરવામાં સફળ થતો હોય, તો અદાલત તે શબ્દ પર આવો વિસ્તૃત કે ખેંચાયેલો અર્થ મૂકતાં જરાય ખચકાશે નહીં. [પક્ષ–એફ–એચ; પ૭–એ]

ન્યાયમૂર્તિ જી.પી. સિંહ દ્વારા લિખિત પ્રિન્સિપલ્સ ઓફ સ્ટેચ્યુટરી

ઇન્ટરપ્રિટેશન, આઠમી આવૃત્તિ, ૨૦૦૧; ચેમ્બર્સ ટ્વેન્ટિએથ સેન્ચુરી ડિક્શનરી, નવી આવૃત્તિ, ૧૯૮૩ અને બ્લેક્સ લૉ ડિક્શનરી, ૬ઠ્ઠી આવૃત્તિ, સંદર્ભ લેવામાં આવ્યો.

૩.૨. કોઈપણ ન્યાયિક નિર્ણય વાસ્તવમાં જે બાબત નક્કી કરે છે તેના માટે જ પ્રમાણભૂત સત્તા છે, અને ન્યાયાધીશો પર કાલ્પનિક કે અનુમાનિત આશય આરોપિત કરીને અથવા ગર્ભિત રીતે જે કંઈ તેમાં વાંચી શકાય તેના માટે નથી, કે તેમાંથી કાયદાનો એવો કોઈ સિદ્ધાંત તારવવા માટે નથી કે જે ન્યાયાધીશોએ ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવ્યો ન હોય. [૬૩–એચ; ૬૪–એ]

દીવાની અપીલીય અધિકારક્ષેત્ર : દીવાની અપીલ નંબર ૧૧૪૮૩/૧૯૯૬.

ઓરિસ્સા હાઇકોર્ટ દ્વારા એ.એચ.ઓ. નંબર ૨૬/૧૯૮૭ માં તારીખ ૧૨.૯.૯૪ ના રોજ આપવામાં આવેલા ચુકાદા અને હુકમ સામે.

અપીલકર્તા તરફથી વી.કે.એસ. ચૌધરી, વિવેક રાજ સિંહ, પ્રકાશ કુ. સિંહ અને એ.એસ. પુંડીર.

સામાવાળાઓ તરફથી અનૂપ જી. ચૌધરી, સુરેશ સી. ગુપ્તા, અનિલ હુડ્ડા, ગુણેશ્વર, કૌશલ યાદવ અને રણબીર સિંહ યાદવ.

કોર્ટનો ચુકાદો ન્યાયમૂર્તિ આર.સી. લાહોટી દ્વારા આપવામાં આવેલ.

દાવાવાળી મિલકતમાં રાઉરકેલા સ્થિત મૌઝા દુર્ગાપુરના સુંદરગઢ વિસ્તારમાં આવેલી ખેતીની જમીનનો એક ટુકડો સમાવિષ્ટ છે. વર્ષ ૧૯૬૨ પહેલાં, આ મિલકત ચાંદ ઓરામ અને પેરા ઓરામની માલિકીની હતી. તે બંને ઓરાઓં જનજાતિના છે, જે ભારતના બંધારણના અનુચ્છેદ ૩૪૨ ના ખંડ (૧) દ્વારા પ્રદત્ત સત્તાની રૂએ બહાર પાડવામાં આવેલા બંધારણ (અનુસૂચિત જનજાતિ) આદેશ, ૧૯૫૦ દ્વારા અધિસૂચિત કરાયા મુજબ ઓરિસ્સા રાજ્યમાં એક અનુસૂચિત જનજાતિ છે. તારીખ ૨૧.૧૨.૧૯૬૨ ના રોજ ચાંદ અને પેરાએ ૦.૭૫ ડેસિબલ જમીનમાંના પોતાના હક્ક અને હિતનું એક મંગલ સિંહ માંકીની તરફેણમાં હસ્તાંતરણ કર્યું હતું. ઉક્ત મંગલ સિંહ માંકી પણ અનુસૂચિત જનજાતિના જ એક વ્યક્તિ હતા. મંગલ સિંહ માંકીએ, પાનપોશના સબ–ડિવિઝનલ ઓફિસરની પરવાનગી મેળવ્યા બાદ, એક રત્નમણિ મોહાપાત્રાની તરફેણમાં નિષ્પાદિત તારીખ ૭.૪.૧૯૬૪ ના નોંધાયેલા વેચાણ દસ્તાવેજ દ્વારા ૦.૪૦ ડેસિબલ જમીન વેચી હતી, અને તે જ દિવસે અન્ય એક નોંધાયેલા વેચાણ દસ્તાવેજ દ્વારા બાકી રહેલી ૦.૩૫ ડેસિબલ જમીન એક હરિહર પ્રધાનને હસ્તાંતરિત કરી હતી. તારીખ ૬.૯.૧૯૬૫ ના રોજ વાદી–અપીલકર્તા ડૉ. અમરેન્દ્ર પ્રતાપ સિંહે રત્નમણિ મોહાપાત્રા પાસેથી તે ૦.૪૦ ડેસિબલમાંથી ૦.૧૯૫ ડેસિબલ જમીન ખરીદી હતી. વાદી–સામાવાળા દ્વારા ખરીદવામાં આવેલી આ જમીન જ વિવાદની વિષયવસ્તુ બને છે. વાદીની માલિકીની આ જમીન પ્લોટ નંબર ૧૧૪૭/૧ તરીકે ક્રમાંકિત થયેલ છે.

વાદીના જણાવ્યા અનુસાર, તેમણે પોતાના દ્વારા ખરીદવામાં આવેલી

જમીનમાંથી ૦.૦૫ ડેસિબલ ક્ષેત્રફળ પર વર્ષ ૧૯૬૫ માં બાંધકામ કર્યું હતું. જ્યારે તેમણે બાકીના ક્ષેત્રફળ પર બાંધકામ કરવાનો વિચાર કર્યો, ત્યારે અડીને આવેલી જમીનના માલિક હરિહર પ્રધાન દ્વારા તેમને તેમ કરતાં અવરોધવામાં આવ્યા હતા, જેના પગલે વાદીએ પોતાના પુરોગામી હક્કદાર શ્રીમતી રત્નમણિ મોહાપાત્રાનો સંપર્ક કર્યો હતો. એવું માલૂમ પડ્યું હતું કે તારીખ ૬.૯.૧૯૬૫ ના વેચાણ દસ્તાવેજ સાથે જોડાયેલા નકશામાં વેચાણની વિષયવસ્તુ બનતી જમીનના વર્ણનમાં કેટલીક ભૂલ રહી ગઈ હતી. શ્રીમતી રત્નમણિ મોહાપાત્રાએ, અમીન મારફતે જમીનનું સીમાંકન કરાવ્યા બાદ, વાદી–અપીલકર્તાની તરફેણમાં તારીખ ૩૧.૮.૧૯૬૮ નો સુધારા દસ્તાવેજ નિષ્પાદિત કર્યો હતો.

સીમાંકનની કાર્યવાહી દરમિયાન એવું માલૂમ પડ્યું હતું કે પ્રતિવાદી–સામાવાળા નંબર ૧ એ પણ વર્ષ ૧૯૬૨ માં નિષ્પાદિત થયેલા નોંધાયેલા વેચાણ દસ્તાવેજ હેઠળ કેટલીક જમીન ખરીદી હતી અને દાવાવાળી જમીનના એક ભાગ પર દબાણ કર્યું હતું. વાદી–અપીલકર્તા દ્વારા સીમાંકન માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી, જેનો પ્રતિવાદી–સામાવાળા નંબર ૧ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. સીમાંકન આખરી કરવામાં આવ્યું હતું અને દબાણની હકીકતની પુષ્ટિ થઈ હતી.

પક્ષકારો વચ્ચેના વિવાદના પરિણામે સી.આર.પી.સી. ની કલમ ૧૪૫ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૧૯૭૦ માં વાદીએ પ્રતિવાદી–સામાવાળાઓ સામે માલિકી હક્કની ઘોષણા, કબજો પાછો મેળવવા અને

કાયમી પ્રતિબંધક મનાઈહુકમ જારી કરવા માટે દીવાની દાવો દાખલ કર્યો હતો. પ્રતિવાદીઓએ અનેક આધારો પર દાવાનો વિરોધ કર્યો હતો. છેવટે વિચારણા માટે બાકી રહેલો એકમાત્ર આધાર, અને જેની સાથે અમારે નિસબત છે, તે પ્રતિવાદીઓની એવી દલીલ છે કે તેઓ વર્ષ ૧૯૫૮ થી તેના પર મકાન બનાવીને અને તેમાં સતત વસવાટ કરીને દાવાવાળી મિલકતનો કબજો ધરાવતા હતા અને આમ વાદી તથા તેમના પુરોગામી હક્કદારો વિરુદ્ધ ૧૨ વર્ષથી વધુ સમયગાળા માટે દાવાવાળી જમીનનો સતત, ખુલ્લો અને શાંતિપૂર્ણ પ્રતિકૂળ કબજો ધરાવતા હોવાને કારણે તેઓએ પ્રતિકૂળ કબજાથી માલિકી હક્ક પ્રાપ્ત કરી લીધો હતો અને તેથી મુદત અધિનિયમ, ૧૯૬૩ ના અનુચ્છેદ ૬૫ હેઠળ દાવાને મુદતનો બાધ નડતો હતો. ટ્રાયલ કોર્ટે દાવો મંજૂર કર્યો હતો. પ્રતિવાદી–સામાવાળાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ ફગાવી દેવામાં આવી હતી. પ્રતિવાદી–સામાવાળાઓએ હાઇકોર્ટ સમક્ષ બીજી અપીલ દાખલ કરી હતી, જેની સુનાવણી વિદ્વાન એકલ ન્યાયાધીશ દ્વારા કરવામાં આવી હતી અને તેને મંજૂર કરવામાં આવી હતી, જેઓએ એવો મત વ્યક્ત કર્યો હતો કે પ્રતિવાદીઓએ પ્રતિકૂળ કબજાથી પોતાનો માલિકી હક્ક પરિપક્વ કર્યો હતો અને તેથી દાવો ફગાવી દેવાપાત્ર હતો. વાદી–અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી લેટર્સ પેટન્ટ અપીલ પણ ફગાવી દેવામાં આવી છે. આ ખાસ પરવાનગી દ્વારા કરવામાં આવેલી અપીલ છે.

વાદી–અપીલકર્તા વતી, પ્રતિવાદી નંબર ૧–સામાવાળા વર્ષ ૧૯૫૮ થી મિલકતનો પ્રતિકૂળ કબજો ધરાવતા હોવા અંગેના તારણની યથાર્થતા સામે

ગંભીરતાપૂર્વક પડકાર ફેંકવામાં આવ્યો છે. તેમ છતાં, આ અપીલના પ્રયોજન માટે અમે એવી ધારણા પર આગળ વધીએ છીએ કે હાઇકોર્ટ દ્વારા તારવવામાં આવેલું હકીકતલક્ષી તારણ સાચું છે. વિચારણા માટે ઉપસ્થિત થતો પ્રશ્ન એ છે કે શું દાવો દાખલ કરવાની તારીખે પ્રતિવાદી–સામાવાળાઓ પ્રતિકૂળ કબજા દ્વારા પોતાનો માલિકી હક્ક પરિપક્વ કરી ચૂક્યા હતા તેમ ઠેરવી શકાય? અમારે એ તપાસવાનું રહે છે કે, જેઓ પોતે આદિવાસી નથી અને જેમણે સક્ષમ સત્તાધિકારીની પરવાનગી મેળવ્યા બાદ કોઈ આદિવાસી પાસેથી મિલકત પ્રાપ્ત કરી છે તથા જેમણે પોતાની તરફેણમાં મિલકતનું હસ્તાંતરણ થયાની તારીખથી ૧૨ વર્ષની અંદર દાવો દાખલ કર્યો છે તેવા વાદી–અપીલકર્તા દ્વારા કબજો પુનઃપ્રાપ્ત કરવાના દાવા માટે મુદતના સમયગાળાની ગણતરી કરતી વખતે, જ્યારે મિલકત અનુસૂચિત જનજાતિના સભ્યોની માલિકીની હતી તે સમયગાળા દરમિયાનના પ્રતિકૂળ કબજાને ગણતરીમાં લઈ શકાય કે કેમ? અમારે સંબંધિત વૈધાનિક જોગવાઈઓની તપાસ કરવી પડશે.

ઓરિસ્સા મર્જર્ડ સ્ટેટ્સ (લોઝ) એક્ટ, ૧૯૫૦ અમુક કાયદાઓ અને વિનિયમોનો ઓરિસ્સાના વિલીન થયેલા રાજ્યો સુધી વિસ્તાર કરવાના હેતુસર ઓરિસ્સાની વિધાનસભા દ્વારા ઘડવામાં આવ્યો હતો. આ એક્ટની કલમ ૭ નીચે મુજબ જોગવાઈ કરે છે:

"૭. વિલીન થયેલા રાજ્યોમાં અમલમાં રહેલા ગણોત કાયદાઓમાં ફેરફાર– ઓરિસ્સા મર્જર્ડ સ્ટેટ્સ (લોઝ) એક્ટ, ૧૯૫૦ ના આધારે

અમલમાં ચાલુ રાખવામાં આવેલા વિલીન થયેલા રાજ્યોના ગણોત કાયદાઓમાં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં– (બી) ભોગવટેદાર ગણોતિયાને નીચે મુજબનો હક્ક રહેશે– (૧) પોતાની ખાતેદારીનું મુક્તપણે હસ્તાંતરણ કરવાનો, પરંતુ તે એ નિયંત્રણને આધીન રહેશે કે જ્યાં સુધી સંબંધિત સબ–ડિવિઝનલ મેજિસ્ટ્રેટની અગાઉથી પરવાનગી મેળવીને આવું હસ્તાંતરણ કરવામાં ન આવે ત્યાં સુધી મૂળ આદિવાસી જનજાતિના સભ્ય તરફથી બિન–મૂળ આદિવાસી જનજાતિના સભ્યને ખાતેદારીનું કોઈપણ હસ્તાંતરણ માન્ય રહેશે નહીં; (૨) પોતાની ખાતેદારી પર ઊભેલા તમામ પ્રકારના વૃક્ષો પર પૂર્ણ હક્ક ધરાવવાનો; (૩) ખાતેદારીમાં સમાવિષ્ટ જમીનનો એવી કોઈપણ રીતે ઉપયોગ કરવાનો કે જેથી જમીનનું મૂલ્ય તાત્વિક રીતે ઘટે નહીં અથવા તે ગણોતના હેતુઓ માટે અયોગ્ય ન બને; સ્પષ્ટીકરણ–(૧) 'ભોગવટેદાર ગણોતિયા' નો અર્થ વિલીન થયેલા રાજ્યોમાં અમલમાં ચાલુ રાખવામાં આવેલા ગણોત કાયદાઓ હેઠળ પોતાની ખાતેદારીમાં ભોગવટાનો હક્ક ધરાવતા ગણોતિયા અથવા રૈયત થાય છે; (૨) 'મૂળ આદિવાસી જનજાતિ' નો અર્થ એવી કોઈપણ જનજાતિ થાય છે જેને રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે તે તરીકે અધિસૂચિત કરવામાં આવે;

xxx xxx xxx xxx"

ભારતના બંધારણના અનુચ્છેદ ૨૭૪ માં આસામ, મેઘાલય, ત્રિપુરા અને

મિઝોરમ રાજ્યો સિવાયના કોઈપણ રાજ્યમાં આવેલા અનુસૂચિત વિસ્તારો અને અનુસૂચિત જનજાતિઓના વહીવટ તથા નિયંત્રણને પાંચમી અનુસૂચિની જોગવાઈઓ લાગુ પાડવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના રાજ્યપાલને રાજ્યના તે સમયે અનુસૂચિત વિસ્તાર હોય તેવા કોઈપણ વિસ્તારની શાંતિ અને સુશાસન માટે વિનિયમો બનાવવાની સત્તા પ્રદાન કરવામાં આવેલી છે. વિશેષ રૂપે અને આવી સત્તાની સામાન્યતાને કોઈપણ પ્રકારનો બાધ આવ્યા વિના, આવા વિનિયમો તેવા વિસ્તારમાં અનુસૂચિત જનજાતિના સભ્યો દ્વારા અથવા તેમની અંદરોઅંદર જમીનના હસ્તાંતરણ પર પ્રતિબંધ મૂકી શકે છે અથવા તેનું નિયમન કરી શકે છે. ભારતના બંધારણની પાંચમી અનુસૂચિના ફકરા ૫ ના પેટા–ફકરા ૨ દ્વારા પ્રદત્ત કરવામાં આવેલી સત્તાઓની રૂએ, ઓરિસ્સાના રાજ્યપાલે ધ ઓરિસ્સા શેડ્યુલ્ડ એરિયાઝ ટ્રાન્સફર ઓફ ઇમ્મુવેબલ પ્રોપર્ટી (બાય શેડ્યુલ્ડ ટ્રાઇબ્સ) રેગ્યુલેશન્સ, ૧૯૫૬ (જે હવે પછી '૧૯૫૬ ના વિનિયમો' તરીકે ઉલ્લેખિત છે) પ્રસિદ્ધ કર્યા હતા. આ વિનિયમોની પ્રસ્તાવના સ્પષ્ટપણે જણાવે છે કે ઓરિસ્સા રાજ્યના અનુસૂચિત વિસ્તારોમાં અનુસૂચિત જનજાતિઓ દ્વારા થતા સ્થાવર મિલકતના હસ્તાંતરણ પર નિયંત્રણ રાખવું અને તેના પર યોગ્ય અંકુશ મૂકવો ઉચિત જણાયો હોવાથી આ વિનિયમો પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. આ વિનિયમોના ફકરા ૨ ના ખંડ (એફ) માં 'સ્થાવર મિલકતનું હસ્તાંતરણ' શબ્દપ્રયોગની વ્યાખ્યા કરતાં જણાવવામાં આવ્યું છે કે તેનો અર્થ 'કબજા સહિત અથવા કબજા વિનાનું ગીરો, પટ્ટો, વેચાણ, બક્ષિસ, અદલાબદલી અથવા વસિયતી નિકાલ ન હોય તેવો આવી મિલકત સાથેનો

અન્ય કોઈપણ વ્યવહાર અને તેમાં આવી મિલકત સંબંધિત બોજો અથવા કરારનો સમાવેશ થાય છે' તેવો થાય છે (ભારપૂર્વક ઉમેરેલ). વિનિયમ ૩ નીચે મુજબ જોગવાઈ કરે છે :

"૩. અનુસૂચિત જનજાતિના સભ્ય દ્વારા સ્થાવર મિલકતનું હસ્તાંતરણ – (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં પણ, અનુસૂચિત વિસ્તારની અંદર આવેલી કોઈપણ સ્થાવર મિલકતનું અનુસૂચિત જનજાતિના કોઈ સભ્ય દ્વારા કરવામા આવેલું કોઈપણ હસ્તાંતરણ, સિવાય કે તે અનુસૂચિત જનજાતિના અન્ય કોઈ સભ્યની તરફેણમાં કરવામાં આવ્યું હોય અથવા સક્ષમ સત્તાધિકારીની અગાઉથી મેળવેલી લેખિત સંમતિથી કરવામાં આવ્યું હોય, સંપૂર્ણપણે રદબાતલ અને અપ્રમાણ્ય રહેશે તથા તેનું કોઈપણ કાનૂની બળ કે અસર રહેશે નહીં: પરંતુ શરત એ છે કે કોઈપણ જાહેર નાણાકીય સંસ્થા દ્વારા કોઈપણ કૃષિ હેતુ માટે મંજૂર કરવામાં આવેલી લોનને સુરક્ષિત કરવાના હેતુસર આવી નાણાકીય સંસ્થાની તરફેણમાં કરી આપવામાં આવેલા ગીરોના રૂપમાં થયેલા કોઈપણ હસ્તાંતરણને આ પેટા–કલમની કોઈપણ બાબત લાગુ પડશે નહીં : પરંતુ વધુમાં શરત એ છે કે ગીરોની રકમની વસૂલાત માટેના કોઈપણ હુકમનામાની બજવણીમાં, સક્ષમ સત્તાધિકારીની અગાઉથી લેખિત સંમતિ મેળવ્યા વિના, ઉપરોક્ત મુજબ ગીરો મૂકેલી કોઈપણ મિલકત અનુસૂચિત જનજાતિના સભ્ય ન હોય તેવી કોઈપણ વ્યક્તિની તરફેણમાં વેચી શકાશે નહીં. સ્પષ્ટીકરણ – આ

પેટા–કલમના હેતુઓ માટે, કોઈપણ અનુસૂચિત જનજાતિ સાથે સંબંધ ન ધરાવતી વ્યક્તિ સાથે પરણેલી હોય તેવી અનુસૂચિત જનજાતિની મહિલા સભ્યની તરફેણમાં કરવામાં આવેલું સ્થાવર મિલકતનું હસ્તાંતરણ, એ અનુસૂચિત જનજાતિ સાથે સંબંધ ન ધરાવતી વ્યક્તિની તરફેણમાં કરવામાં આવેલું હસ્તાંતરણ માનવામાં આવશે."

"(૨) જ્યાં પેટા–કલમ (૧) ના ઉલ્લંઘનમાં સ્થાવર મિલકતનું કોઈપણ હસ્તાંતરણ કરવામાં આવ્યું હોય, ત્યાં સક્ષમ સત્તાધિકારી, તેમાં હિત ધરાવતી કોઈપણ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી અરજી પરથી અથવા તો પોતાની મેળે સ્વતઃ સંજ્ઞાન લઈને અને સંબંધિત પક્ષકારોને સુનાવણીની યોગ્ય તક પૂરી પાડ્યા પછી, તે હસ્તાંતરણ હેઠળ પોતાનો હક્ક–દાવો કરીને મિલકતનો કબજો ધરાવતી કોઈપણ વ્યક્તિ સામે તેને બેદખલ કરવાનો હુકમ કરી શકશે અને આવી સ્થાવર મિલકતના કબજાની પુનઃસ્થાપના મૂળ હસ્તાંતરણકર્તા અથવા તેના કાયદેસરના વારસદારોને કરાવી આપશે. કબજાની આવી પુનઃસ્થાપના કરાવવામાં, સક્ષમ સત્તાધિકારી સદરહુ હુકમનું યોગ્ય પાલન સુનિશ્ચિત કરવા માટે અથવા શાંતિનો કોઈપણ ભંગ અટકાવવા સારુ જરૂરી જણાય તેવા તમામ પગલાં ભરી શકશે : પરંતુ શરત એ છે કે જો સક્ષમ સત્તાધિકારીનો એવો અભિપ્રાય હોય કે મૂળ હસ્તાંતરણકર્તા અથવા તેના વારસદારોને સ્થાવર મિલકતના કબજાની પુનઃસ્થાપના કરવી વાજબી રીતે વ્યવહારુ નથી, તો તેઓ તે બાબતના પોતાના કારણો લેખિતમાં નોંધશે અને રાજ્ય સરકારના

નિયંત્રણને આધીન રહીને, ઓરિસ્સા ગવર્નમેન્ટ લેન્ડ સેટલમેન્ટ એક્ટ, ૧૯૬૨ ના ૩૩ માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર સદરહુ મિલકતનો બંદોબસ્ત અનુસૂચિત જનજાતિના અન્ય કોઈ સભ્ય સાથે, અથવા આવા કોઈ સભ્યના અભાવે, અન્ય કોઈપણ વ્યક્તિ સાથે કરશે. સ્પષ્ટીકરણ – કબજાની પુનઃસ્થાપનાનો અર્થ સક્ષમ સત્તાધિકારી દ્વારા મૂળ હસ્તાંતરણકર્તા અથવા તેના વારસદારોને મિલકતના કબજાની વાસ્તવિક સોંપણી કરવી એવો થાય છે. (૩) નિયત કરવામાં આવે તેવી શરતોને આધીન રહીને, પેટા–કલમ (૨) હેઠળના હુકમની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર જો અપીલ દાખલ કરવામાં આવે તો, જો આવો હુકમ કલેક્ટર દ્વારા કરવામાં આવ્યો હોય તો તે અપીલ મહેસૂલ બોર્ડ સમક્ષ રહેશે અને જો અન્ય કોઈ સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવ્યો હોય તો કલેક્ટર સમક્ષ અથવા રાજ્ય સરકાર દ્વારા આ સંબંધમાં વિશેષ રૂપે સત્તા આપવામાં આવેલ અન્ય કોઈપણ અધિકારી સમક્ષ રહેશે. (૪) પેટા–કલમ (૩) ની જોગવાઈઓને આધીન રહીને, પેટા–કલમ (૨) હેઠળ સક્ષમ સત્તાધિકારી દ્વારા લેવાયેલો નિર્ણય આખરી રહેશે અને તેને કાયદાની કોઈ પણ અદાલતમાં પડકારી શકાશે નહીં." (અમારા દ્વારા ઇટાલિક કરેલ છે)

